ક્રાંતિગુરૂ શ્યામજી કૃષ્ણવર્મા

# કચ્છ યુનિવર્સિટી

મુન્દ્રા રોડ, ભુજ-કચ્છ. ૩૭૦ ૦૦૧.
ફોન નં.(૦૨૮૩૨) ૨૩૫૦૦૨ ફેક્સઃ ૨૩૫૦૧૨
E-mail : info@kskvkachchhuniversity.org
Web : kskvkachchhuniversity.org

રેફ.નં.: ક.યુ./ E.C.-Minuits-26th Jun /૨૦૦૯/૨૬૬૧ થી ૨૬૭૨ તા. ૧/૦૮/'૦૯

**વિષય :–** તા.૨૯/૦૭/'૦૯નાં રોજ યુનિવર્સિટી કાર્યાલયે યોજાયેલ એક્ઝિક્યુટીવ કાઉન્સિલની મિટિંગની મિનિટ્સ નોંધ મોકલવા બાબત...

શ્રીમાન,

જય ભારત સાથ ઉપરોક્ત વિષયે જણાવવાનું કે, માનનીય કુલપતિશ્રીના અધ્યક્ષ સ્થાને તા.૨૯/૦૭/'૦૯નાં રોજ મળેલ એક્ઝિક્યુટીવ કાઉન્સિલની મિટિંગની મિનિટ્સ નોંધ આ સાથે સામેલ રાખેલ છે જે ધ્યાને લેવા વિનંતી.

આભાર સહ,

આપનો વિશ્વાસુ,

**કુલસચિવ**

**બિડાણ :** ઉપર મુજબ.
**નકલ રવાના:** માનનીય કુલપતિશ્રીનાં કાર્યાલય તરફ.

# મિનિટ્સ મોકલાવ્યા અન્વયે આઉટ વર્ડ નંબર/તારીખ.

## 2661 to 2672 Dt. 1/8/'09

| ક્રમ | સભ્યશ્રીનું નામ | આઉટ વર્ડ નંબર–તારીખ | |
|---|---|---|---|
| 1 | ડૉ. કે. વી. ગોર,<br>કુલપતિશ્રી, કચ્છ યુનિવર્સિટી, ભૂજ. | 2661 | Dt. 1/8/'09 |
| 2 | ડાયરેકટર ઓફ હાયર એજયુકેશન,<br>ગુજરાત રાજય, ગાંધીનગર. | 2662 | Dt. 1/8/'09 |
| 3 | ડાયરેકટર ઓફ ટેકનિકલ એજયુકેશન,<br>ગુજરાત રાજય, ગાંધીનગર. | 2663 | Dt. 1/8/'09 |
| 4 | ડાયરેકટર ઓફ હેલ્થ એન્ડ મેડિકલ સર્વિસ એન્ડ<br>મેડિકલ એજયુકેશન, ગુજરાત રાજય, ગાંધીનગર. | 2664 | Dt. 1/8/'09 |
| 5 | શ્રી મુકેશભાઈ ઝવેરી,<br>મેનેજીંગ ટ્રસ્ટીશ્રી,કચ્છ વિદ્યા પ્રતિષ્ઠાન ટ્રસ્ટ, ભૂજ. | 2665 | Dt. 1/8/'09 |
| 6 | શ્રી અનિરૂદ્ધભાઈ દવે,<br>પ્રમુખશ્રી, માંડવી નગરપાલિકા.માંડવી. | 2666 | Dt. 1/8/'09 |
| 7 | શ્રી ચિન્મોય બેનર્જી,<br>ડાયરેકટરશ્રી, અંજાર એજયુકેશન સોસાયટી, અંજાર. | 2667 | Dt. 1/8/'09 |
| 8 | શ્રી મહેશભાઈ આહિર,<br>પ્રમુખશ્રી, એન.એસ.યુ.આઈ., કચ્છ. | 2668 | Dt. 1/8/'09 |
| 9 | ડૉ. દર્શનાબેન ધોળકીયા,<br>પ્રોફેસર,ગુજરાતી ભાષા ભવન.<br>કચ્છ યુનિવર્સિટી,ભૂજ. | 2669 | Dt. 1/8/'09 |
| 10 | ડૉ. બી.એસ.પટેલ,<br>પ્રોફેસર એન્ડ હેડ,શિક્ષણશાસ્ત્ર ભવન,<br>કચ્છ યુનિવર્સિટી, ભૂજ. | 2670 | Dt. 1/8/'09 |
| 11 | ડૉ. તુષારભાઈ આર. હાથી,<br>રીડર, અર્થશાસ્ત્ર ભવન, કચ્છ યુનિવર્સિટી, ભૂજ. | 2671 | Dt. 1/8/'09 |
| 12 | શ્રી અનિલ એચ. ગોર.<br>(રજીસ્ટ્રારશ્રી, કચ્છ યુનિવર્સિટી) સેક્રેટરી. | 2672 | Dt. 1/8/'09 |

**એક્ઝિક્યુટીવ કાઉન્સિલનાં સભ્યશ્રીઓની યુનિવર્સિટી કાર્યાલયે તા.૨૯/૦૭/'૦૯ નાં રોજ સવારે ૧૧:૩૦ કલાકે મળેલ સભાની મિનિટ્સ નોંધઃ**

---

આજ રોજ તા.૨૯/૦૭/'૦૯નાં રોજ સવારે ૧૧:૩૦ કલાકે યુનિવર્સિટી કાર્યાલય ખાતે એક્ઝિક્યુટિવ કાઉન્સિલની બેઠક માનનીય કુલપતિશ્રીના અધ્યક્ષ સ્થાને યોજાયેલ, જેમાં નીચે મુજબના સભ્યશ્રીઓ હાજર રહેલ હતા.

માનનીય કુલપતિશ્રીએ સૌ સભ્યશ્રીઓને આવકારતા, એક્ઝિક્યુટિવ કાઉન્સિલનાં તમામ સભ્યશ્રીઓનો આભાર માન્યો હતો અને એમનાં કાર્યકાળ દરમ્યાન તમામ સભ્યશ્રીઓ તરફથી ગૌરવભેર સહકાર મળ્યો છે તેવી લાગણી વ્યક્ત કરી હતી.

| સભ્યશ્રીનું નામ | હાજર / ગેરહાજર |
|---|---|
| ડૉ. કે. વી. ગોર,<br>કુલપતિશ્રી, કચ્છ યુનિવર્સિટી, ભૂજ. | હાજર |
| ડાયરેકટર ઓફ હાયર એજ્યુકેશન,<br>ગુજરાત રાજ્ય, ગાંધીનગર. | ગેર હાજર |
| ડાયરેકટર ઓફ ટેકનિકલ એજ્યુકેશન,<br>ગુજરાત રાજ્ય, ગાંધીનગર. | ગેર હાજર |
| ડાયરેકટર ઓફ હેલ્થ એન્ડ મેડિકલ સર્વિસ એન્ડ મેડિકલ એજ્યુકેશન, ગુજરાત રાજ્ય, ગાંધીનગર. | ગેર હાજર |
| શ્રી મુકેશભાઈ બી.ઝવેરી,<br>મેનેજીંગ ટ્રસ્ટીશ્રી, કચ્છ વિદ્યા પ્રતિષ્ઠાન ટ્રસ્ટ, ભૂજ. | હાજર |
| શ્રી અનિરૂદ્ધભાઈ દવે,<br>પ્રમુખશ્રી, માંડવી નગરપાલિકા. | ગેર હાજર |
| શ્રી ચિન્મોય બેનર્જી,<br>ડાયરેકટરશ્રી, અંજાર એજ્યુકેશન સોસાયટી, અંજાર. | ગેર હાજર |
| શ્રી મહેશભાઈ આહિર,<br>પ્રમુખશ્રી, એન.એસ.યુ.આઈ., કચ્છ. | હાજર |
| ડૉ. દર્શનાબેન સી.ધોળકીયા,<br>પ્રોફેસર,ગુજરાતી ભાષા ભવન,કચ્છ યુનિવર્સિટી, ભૂજ. | હાજર |
| ડૉ. બી.એસ.પટેલ,<br>પ્રોફેસર એન્ડ હેડ,શિક્ષણશાસ્ત્ર ભવન,<br>કચ્છ યુનિવર્સિટી, ભૂજ. | હાજર |
| ડૉ. તુષારભાઈ આર. હાથી,<br>રીડર, અર્થશાસ્ત્ર ભવન, કચ્છ યુનિવર્સિટી, ભૂજ. | હાજર |
| શ્રી અનિલ એચ. ગોર (રજીસ્ટ્રારશ્રી, કચ્છ યુનિવર્સિટી)<br>સેક્રેટરી. | હાજર |

**૧. ગત મિનિટ્સનું વાંચન અને બહાલી :**

ગત મિનિટ્સનું વાંચન કરવામાં આવેલ અને સર્વાનુમતે મિનિટ્સ નોંધને બહાલી આપવામાં આવેલ.

૨. યુનિવર્સિટી કોન્વોકેશનની તારીખ નક્કી કરવા અને બહાલી બાબત :

યુનિવર્સિટી કોન્વોકેશન દિવસ યોજવા અને આ તારીખ નક્કી કરવા માટે ચર્ચા વિચારણાને અંતે નીચે મુજબનો ઠરાવ કરવામાં આવે છે.

<u>ઠરાવ : ૧ :</u> આથી ઠરાવવામાં આવે છે કે, યુનિવર્સિટી કોન્વોકેશન દિવસ દર વર્ષની ૧૨મી જાન્યુઆરીએ સમારોહ સ્વરૂપે ઉજવવાનો રહેશે.આ દિવસ શ્રી વિવેકાનંદજીનો જન્મ દિન હોય અને "યુવા દિવસ"તરીકે ઓળખાતો હોય યુનિવર્સિટીનાં યુવાનોને, દર વર્ષે પદવીદાન દ્વારા સન્માનવાનો આ દિવસ નક્કી કરવામાં આવે છે.

આ દિવસે યુનિવર્સિટી સંલગ્ન દરેક કોલેજોનાં વિદ્યાર્થીઓ, અધ્યાપકશ્રીઓ,આચાર્યશ્રીઓ તથા મેનેજમેન્ટનાં સભ્યશ્રીઓ વગેરે આ સમારંભમાં હાજર રહે.આ માત્ર યુનિવર્સિટીનો જ કાર્યક્રમ ન રહેતા,ભૂજ તેમજ કચ્છનાં અન્ય બૌધ્ધિકો પણ સમારંભમાં ઉપસ્થિત રહે તેવા પ્રયાસો કરવા.

પ્રથમ કોન્વોકેશન માટે મહામહિમ કુલાધિપતીશ્રીનાં કાર્યાલય દ્વારા પ્રસિધ્ધ ગાઈડલાઈન મુજબ " Key Note Speaker" (દિક્ષાંત પ્રવચન) માટે નીચેનાં નામો માંથી કોઈ એક વ્યકિતને આમંત્રવા.

<u>મહાનુભવોનાં નામોની યાદી:</u>

૧. શ્રી અઝિમ ભાઈ પ્રેમજી.(વિપ્રો)
૨. ડૉ. સામ પિત્રોડા.
૩. શ્રી મોરારી બાપુ.
૪. શ્રી નારાયણ મૂર્તિ.(ઈન્ફોસીસ)
૫. ડૉ.એ.પી.જે.અબ્દૂલ કલામ.
૬. ડૉ.અર્મત્ય સેન.

આમ ઉપરોક્ત નામો પૈકી કોઈ એક નામ નક્કી કરવાની તથા અન્ય નામો અંગે પણ વિચારણા કરવાની સત્તા માનનીય કુલપતિશ્રીને આપવામાં આવે છે.

૩. શૈક્ષણિક વર્ષ ૨૦૧૦–૧૧થી P.G.D.B.A. & P.G.D.C.A. અભ્યાસક્રમોનું નવું જોડાણ મેળવવા મળેલ અરજીઓને, B.B.A. & B.C.A. અભ્યાસક્રમોનાં નવાં જોડાણ સંદર્ભે ફેરવવાની અરજી બાબત :

શ્રી સ્વમિનારાયણ ગુરુકૂળ,કોડાય પુલ,માંડવીએ શૈક્ષણિક વર્ષ ૨૦૧૦–૧૧થી P.G.D.B.A. & P.G.D.C.A. અભ્યાસક્રમો શરૂ કરવા નિયત નમુનામાં અરજી નિયત ફી ભરીને કરેલ હતી, સંસ્થાએ P.G.D.B.A. & P.G.D.C.A.ને સ્થાને B.B.A. &

B.C.A. અભ્યાસક્રમો શરૂ કરવાની વિનંતી કરેલ. જે અન્વયે થયેલ ચર્ચા વિચારણાનાં અંતે નીચે મુજબનો ઠરાવ કરવામાં આવ્યો.

**<u>ઠરાવ : ૨ :</u> આથી ઠરાવવામાં આવે છે કે, શ્રી સ્વમિનારાયણ ગુરુકૂળ,કોડાય પુલ,માંડવીએ શૈક્ષણિક વર્ષ ૨૦૧૦–૧૧થી P.G.D.B.A. & P.G.D.C.A. અભ્યાસક્રમો શરૂ કરવા મળેલ અરજીને B.B.A. & B.C.A. અભ્યાસક્રમો શરૂ કરવા સંબંધે સ્વીકારવા આથી મંજૂરી આપવામાં આવે છે.**

**૪. અંગ્રેજી અનુસ્નાતક ભવન દ્વારા ઈન્ટરનેશનલ કોન્ફરન્સ યોજવા મળેલ દરખાસ્ત બાબત ચર્ચા વિચારણા કરવા અને ખર્ચ મંજૂરીને બહાલી બાબત :**

અંગ્રેજી અનુસ્નાતક ભવન દ્વારા ઈન્ટરનેશનલ કોન્ફરન્સ ભુજ ખાતે આગામી તા. ૧૫ થી ૧૯મી સ્પટેમ્બર'અથવા નવેમ્બર'૨૦૦૯ દરમ્યાન યોજવા, મળેલ દરખાસ્ત તથા સંબંધિત વિભાગનાં પ્રોફેસર એન્ડ હેડ તરફથી રજૂ થયેલ અંદાજીત ખર્ચની રકમ બાબતે ચર્ચા વિચારણાનાં અંતે નીચે મુજબનો ઠરાવ કરવામાં આવ્યો.

**<u>ઠરાવ : ૩ :</u> યુનિવર્સિટીનાં અંગ્રેજી અનુસ્નાતક ભવન દ્વારા ઈન્ટરનેશનલ કોન્ફરન્સ યોજવા તથા આ સંબંધે થનાર ખર્ચ અન્વયે રજૂ કરવામાં આવેલ અંદાજીત ખર્ચની રકમને મંજૂર કરવામાં આવે છે.અને તે અંતગર્ત ખર્ચ કરવાની સત્તા માનનીય કુલપતિશ્રીને સોંપવામાં આવે છે.**

**૫. યુનિવર્સિટીનાં અનુસ્નાતક ભવનો ખાતે નિમાયેલ શૈક્ષણિક સ્ટાફનો એક વર્ષનો અજમાયશી સમયગાળો પૂર્ણ થતો હોય લાબાંગાળાની નિમણૂક આપવા બાબત :**

યુનિવર્સિટીનાં અનુસ્નાતક ભવનો ખાતે નિમાયેલ શૈક્ષણિક સ્ટાફનો અજમાયશી સમયગાળો પૂર્ણ થતો હોય,તેમની નિમણૂકને લાબાગાળાની નિમણૂક નિયમિત ગણવા ચર્ચા વિચારણા નાં નીચે મુજબનો ઠરાવ કરવામાં આવ્યો.

**<u>ઠરાવ : ૪ :</u> યુનિવર્સિટીનાં અનુસ્નાતક ભવન ખાતે નિમાયેલ શૈક્ષણિક સ્ટાફ પૈકી ડૉ.ડી.સી.ધોળકીયા. પ્રોફેસર,ગુજરાતી વિભાગ,ડૉ.એમ.જી.ઠકકર.રીડર, અર્થ એન્ડ એન્વાયરમેન્ટલ સાયન્સ વિભાગ, અને ડૉ.સુભાષ ભંડેરી, રીડર, અર્થ એન્ડ એન્વાયરમેન્ટલ સાયન્સ વિભાગની નિમણૂકનો અજમાઈશી સમયગાળો પૂર્ણ થયેલ હોય, તેઓની નિમણુકને લાબાંગાળાની નિયમિત નિમણૂંક જોડાયા તારીખથી ગણવાનો ઠરાવ કરવામાં આવે છે.**

**૬. અધ્યક્ષ સ્થાનેથી જે રજૂ થાય તે...**

૧. એમ.ડી.કોલેજ ઓફ એજયુકેશન,ભુજ ખાતે ચાલુ શૈક્ષણિક વર્ષ ૨૦૦૯–૧૦થી એમ.એડ્. –નવો અભ્યાસક્રમ શરૂ કરવા અન્વયેની મંજૂરી આપવા બાબત...

**<u>ઠરાવ : ૫ :</u>** યુનિવર્સિટી સંલગ્ન એમ.ડી.કોલેજ ઓફ એજ્યુકેશન,ભુજ ખાતે શૈક્ષણિક વર્ષ ૨૦૦૯–૧૦થી એમ.એડ્. –નવો અભ્યાસક્રમ શરૂ કરવા સંદર્ભે ખાસ કિસ્સા તરીકે આથી મંજૂરી આપવામાં આવે છે.

૨. માનનીય કુલપતિશ્રીની કાર્ય અવધિની મુદ્દત તા. ૩૧/૭/'૦૯નાં રોજ પૂર્ણ થતી હોય,આભાર પ્રસ્તાવ બાબત...

**<u>ઠરાવ : ૬ :</u>** માનનીય કુલપતિશ્રી ડૉ.કાન્તિભાઈ વી.ગોરની પ્રથમ કુલપતિશ્રી તરીકેની કાર્ય અવધિ તા.૩૧/૭/'૦૯નાં રોજ પૂર્ણ થતી હોય, એક્ઝિક્યુટિવ કાઉન્સિલનાં સૌ સભ્યશ્રીઓએ માનનીય કુલપતિશ્રીની કામગીરી,તેમની નિષ્ઠા વગેરેની સરાહના કરી.યુનિવર્સિટીનું શૂન્ય માંથી સર્જન કરવામાં ડૉ.ગોરનું યોગદાન ભૂલી શકાય તેમ નથી.૧૦ કોલેજો સાથે શરૂ થયેલ યુનિવર્સિટીમાં આજે ૩૯ કોલેજો જોડાયેલ છે.યુનિવર્સિટી કેમ્પસ પર બે વર્ષનાં ટૂંકા ગાળામાં ૧૨ અનુસ્નાતક ભવનો શરૂ કરવા જેવી કામગીરીઓ બદલ સમગ્ર સભાએ માનનીય કુલપતિશ્રીને પુષ્પગુચ્છ તથા તાળીઓથી સન્માન્યા હતા અને યુનિવર્સિટીનાં વિકાસમાં યોગદાન આપવા બદલ આભાર માન્યો હતો.

અન્ય કોઈ મુદ્દો ઉપસ્થિત ન થતાં, અધ્યક્ષશ્રીનો આભાર માની સભા પૂર્ણ થયેલ જાહેર કરવામાં આવી...

31/7/09

**(Anil Gor)**
REGISTRAR
K.S.K.V. Kachchh University
Bhuj - KACHCHH.